# નફરતનો તિરસ્કાર

## અપરાધની જાણ કરો

### નફરત સંબંધિત અપરાધોને સમજવા અને તેની જાણ કરવી

## નફરત સંબંધિત અપરાધો.

**નફરત સંબંધિત અપરાધ** એ ઓળખી શકાય તેવા જૂથ સામે નફરત, પક્ષપાત અથવા પૂર્વગ્રહથી સંપૂર્ણ અથવા આંશિક રીતે પ્રેરાઈને કોઈ વ્યક્તિ અથવા મિલકત વિરુદ્ધ આચરવામાં આવેલ એક **ગુનાહિત અપરાધ** છે. ઓળખી શકાય તેવા કોઈ જૂથને વર્ણ, રાષ્ટ્રીય અથવા વંશીય મૂળ, રંગ, ધર્મ, લિંગ, ઉંમર, માનસિક અથવા શારીરિક અસમર્થતા, જાતીય અભિગમ અથવા લિંગ ઓળખ કે અભિવ્યક્તિ દ્વારા અલગ કરી દેવાય તેમ બને.

લગભગ કોઈ પણ પ્રકારનો ગુનાહિત અપરાધ નફરત દ્વારા પ્રેરિત હોઈ શકે છે. નફરત સંબંધિત અપરાધના ગુનાઓના ઉદાહરણોમાં હિંસા અથવા દુશ્મનાવટના કૃત્યો જેવા કે હુમલો (કોઈને મારવું અથવા કોઈના પર થૂંકવું) અથવા મિલકતને નુકસાન પહોંચાડવાનો સમાવેશ થઈ શકે છે. મુખ્ય બાબત એ છે કે આ કાર્યો "ઓળખી શકાય તેવા જૂથ" પ્રત્યે ગુનેગારની નફરતના આધારે ઈરાદાપૂર્વક વ્યક્તિઓ અથવા મિલકતને લક્ષ્ય બનાવે છે.

***ક્રિમિનલ કોડ*** હેઠળ એવી પણ આવશ્યકતા છે કે કોઈ ગુના માટે સજા આપતી વખતે જે-તે અદાલત એ બાબતે ધ્યાનમાં લે કે શું તે અપરાધ કોઈ ઓળખી શકાય તેવા જૂથો અથવા અન્ય સમાન પરિબળના આધારે નફરત, પક્ષપાત કે પૂર્વગ્રહથી પ્રેરિત હતો કે કેમ.

## નફરત સંબંધિત ઘટનાઓ.

**નફરત સંબંધિત ઘટના** એ **બિન-ગુનાહિત** કાર્ય અથવા વર્તન છે જે ઓળખી શકાય તેવા જૂથ સામે નફરતથી પ્રેરિત છે. નફરત સંબંધિત ઘટનાઓના ઉદાહરણોમાં વંશીય અપશબ્દોનો ઉપયોગ કરવાનો, અથવા કોઈ વ્યક્તિનું તેમના વંશીય અથવા ધાર્મિક પોશાકને કારણે અથવા તેમને ઓળખવાની રીતના કારણે અપમાન કરવાનો સમાવેશ થાય છે. (ઉદાહરણ તરીકે, પાડોશી સાથે વિવાદ અથવા પાર્કિંગની જગ્યામાં વિવાદ જે મૌખિક રીતે ગાળો દેવા, અપમાનજનક અથવા વંશીય અપશબ્દો સુધી વધી જાય.) આ ઘટનાઓ ખૂબ જ હાનિકારક હોઈ શકે છે અને ભાવનાત્મક તથા માનસિક તણાવનું કારણ બની શકે છે. પોલીસ નફરત સંબંધિત ઘટનાઓના જવાબમાં પગલાં લેશે અને પરિસ્થિતિને વણસતી અટકાવવા તથા તેનો ઉકેલ લાવવામાં મદદ કરવા માટે શિક્ષણ, સહાય તેમજ સમુદાય સંસાધનો પ્રદાન કરી શકે છે.

ગુનાહિત અપરાધ + નફરત = નફરત અપરાધ

ગુનાહિત અપરાધ - નફરત = ગુનાહિત અપરાધ

નફરત - ગુનાહિત અપરાધ = નફરત ઘટના

## એવા મુખ્ય સંકેતો કયા છે જે દર્શાવે કે એક નફરત સંબંધિત અપરાધ આચરવામાં આવ્યો હોઈ શકે છે?

1. અપરાધ દરમિયાન કરવામાં આવેલ ટિપ્પણીઓ.
2. ગુનો કરનારની પ્રેરણા અથવા તો દેખીતો હેતુ ન પણ હોય.
3. પીડિતની ધારણા કે તેઓને નિશાન બનાવવામાં આવ્યા હતા.
4. નફરતનાં પ્રતીકો, હરકતો અને ભાષા પ્રદર્શિત કરવા.
5. અપરાધ આચરવાની રીત.
6. પજવણી, અપમાન અથવા ધાકધમકીની પુનરાવર્તિત થતી પેટર્ન.
7. અપરાધની આસપાસના અન્ય સંબંધિત સંજોગો.

## કેનેડામાં નફરતયુક્ત ભાષણ

***ક્રિમિનલ કોડ***, કલમ 318 અને 319 નફરતના પ્રચારને સંબોધે છે. અપરાધો નીચે મુજબ છે:

**કલમ 318** *ક્રિમિનલ કોડ*
**જાતિ આધારિત નરસંહારની તરફેણ કરવી**

**કલમ 319 (1)** *ક્રિમિનલ કોડ*
**નફરતની જાહેરમાં ઉશ્કેરણી**

**કલમ 319 (2)** *ક્રિમિનલ કોડ*
**ઇરાદાપૂર્વક નફરતનો પ્રચાર**

**કલમ 319 (2.1)** *ક્રિમિનલ કોડ*
**ઇરાદાપૂર્વક વિરોધી સેમિટિઝમનો પ્રચાર**

**નફરત સંબંધિત પ્રચારની તપાસમાં સંદર્ભ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.**

નફરતની જાહેરમાં ઉશ્કેરણીના અપવાદ સાથે, પોલીસે આરોપ મૂકતા પહેલાં એટર્ની જનરલની સંમતિ મેળવવી આવશ્યક છે.

*ક્રિમિનલ કોડ*માં "નફરત સંબંધિત પ્રચાર" ને આ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે - "જાતિ આધારિત નરસંહારની તરફેણ કરે અથવા તેને પ્રોત્સાહન આપે તેવું કોઈ પણ લખાણ, સંકેત અથવા દૃશ્યમાન રજૂઆત અથવા જેના થકી કોઈ વ્યક્તિ કલમ 319 હેઠળ અપરાધ કરે તેવો સંદેશાવ્યવહાર."

## કેનેડિયન ચાર્ટર ઓફ
## રાઇટ્સ એન્ડ ફ્રીડમ્સ

અભિવ્યક્તિની સ્વતંત્રતા એ *કેનેડિયન ચાર્ટર ઓફ રાઇટ્સ એન્ડ ફ્રીડમ્સની* કલમ 2માં સમાવિષ્ટ મૂળભૂત સ્વતંત્રતા છે.

***ચાર્ટર*ની કલમ 2 જણાવે છે:**
દરેક વ્યક્તિને નીચેની મૂળભૂત સ્વતંત્રતાઓ છે:

a. વિવેકબુદ્ધિ અને ધર્મની સ્વતંત્રતા;

b. પ્રેસ અને સંદેશાવ્યવહારના અન્ય માધ્યમોની સ્વતંત્રતા સહિત વિચાર, માન્યતા, અભિપ્રાય અને અભિવ્યક્તિની સ્વતંત્રતા;

c. શાંતિપૂર્ણ સભાની સ્વતંત્રતા; અને

d. સંગઠનની સ્વતંત્રતા.

**નફરતયુક્ત ભાષણ *ચાર્ટર* દ્વારા સુરક્ષિત નથી.**

## નફરત સંબંધિત અપરાધોની
# જાણ કરવી
## શા માટે મહત્ત્વપૂર્ણ છે?

**નફરત સંબંધિત અપરાધો એ ખાસ સંદેશ આપતા અપરાધો છે.**
સંદેશ છે, "તમે આવકાર્ય નથી!"

સમયસર અને અસરકારક પોલીસ પ્રતિસાદ પોલીસ અને પોલીસ જે સમુદાયને સેવા આપે છે તેમની વચ્ચેના સંબંધોને સુધારી શકે છે. આવા સકારાત્મક સંબંધો જાહેર સલામતીના અન્ય પાસાઓમાં વ્યાપક લાભો મેળવી શકે છે.

**નફરત સંબંધિત અપરાધો** અને નફરત સંબંધિત ઘટનાઓ સમુદાય-વ્યાપી અશાંતિ ઊભી કરે છે.

**નફરત સંબંધિત ઘટના**ઓ વણસી જઇ બદલો લેવાની ક્રિયાને પ્રોત્સાહિત કરી શકે છે.

પીડિત જેવી જ લાક્ષણિકતા ધરાવતા **સમુદાયના અન્ય લોકો** પણ પોતે પીડિત અને અસુરક્ષિત હોવાનું અનુભવી શકે છે.

**નફરત સંબંધિત અપરાધો** અને નફરત સંબંધિત ઘટનાઓ, એકલતાની લાગણી અને ભાવનાત્મક તથા મનોવૈજ્ઞાનિક તણાવનું કારણ બની શકે છે.

**નફરતથી પ્રેરિત અપરાધો**, સમગ્ર સમાજ માટે લાંબા સમય સુધી ચાલતી અને ગંભીર આડ અસરો ધરાવતા હોય છે.

## કટોકટીમાં નફરત
# સંબંધિત અપરાધોની
### જાણ કેવી રીતે કરવી: 9-1-1 પર કૉલ કરો.

**જો જીવન અથવા સંપત્તિ પર તાત્કાલિક જોખમ હોય તો, 9-1-1 પર કૉલ કરો.**

- શાંત રહો.
- કોઇ સલામત સ્થળેથી પોલીસને કૉલ કરો.
- ટોરોન્ટો પોલીસ સર્વિસને કટોકટી ન હોય તેવા નફરત સંબંધિત અપરાધ અથવા નફરત સંબંધિત ઘટનાની જાણ કરવા માટે , 416-808-2222 પર કૉલ કરો.
- જો આવું કરવું સલામત હોય તો સંભવિત પુરાવાઓને સુરક્ષિત કરી રાખો અને તેનું દસ્તાવેજીકરણ કરો.
- સચોટ નિવેદનો અને સંબંધિત વિગતોની જાણ કરો.

અપરાધની અનામી રૂપે જાણ કરવા માટે, ક્રાઈમ સ્ટોપર્સને આના પર કૉલ કરો: **416-222-8477** (TIPS) અથવા આના પર ઑનલાઇન: **222tips.com**
**https://www.tps.ca/hate-motivated-crime/**


INVESTIGATIVE HATE CRIME & EXTREMISM TEAM

## ટોરોન્ટો પોલીસ સર્વિસ
# હેટ ક્રાઈમ યુનિટ

**ટોરોન્ટો પોલીસ સર્વિસ હેટ ક્રાઈમ યુનિટ**ની સ્થાપના 1993માં ફ્રન્ટલાઇન અધિકારીઓ અને તપાસ એકમોને મદદ અને નિષ્ણાત માહિતી પ્રદાન કરવા માટે કરવામાં આવી હતી. યુનિટના આદેશમાં સમગ્ર ટોરોન્ટો શહેરમાં નફરતથી પ્રેરિત ગુનાહિત અપરાધો સંબંધિત માહિતી એકત્રિત કરવી, નફરત સંબંધિત અપરાધોની તપાસ અને નિવારણમાં મદદ કરવી અને જાહેર શિક્ષણ અને તાલીમ આપવાનો સમાવેશ થાય છે.

ટોરોન્ટો પોલીસ સર્વિસ હેટ ક્રાઈમ યુનિટ અને તેના આદેશ વિશે વધુ જાણવા માટે કૃપા કરીને આની મુલાકાત લો:

**https://www.tps.ca/hate-motivated-crime/**



## આપણે બધા સાથે મળીને નફરત સંબંધિત અપરાધો રોકવામાં મદદ કરી શકીએ છીએ
## નફરત સંબંધિત અપરાધો.

હમ્બર કોલેજ સ્કૂલ ઓફ મીડિયા સ્ટડીઝ એન્ડ ક્રિએટિવ આર્ટ્સ, લેકશોર કેમ્પસના સહયોગથી બનાવાયેલ